ગુજરાત ટાઇમ્સ Gujarat Times
Magazine Section
Gujarat Times
June 16, 2006

# સપ્તક

અનોખી ફિલ્મ 'કર્મભૂમિ ગુજરાતની'

■ પૃષ્ઠ ૧૧





ઓહ કેલકટા!... આહ, કોલકાતા!: ચંદ્રકાંત બક્ષીની કલમે

■ પૃષ્ઠ ૩



કાશ્મીરના પંડિતોની વેદનાનો અંત ક્યારે આવશે? કોણ લાવશે?

■ પૃષ્ઠ ૪



'મીઠા વચ્ચે' ખારું જીવન: અગરિયાઓની જિંદગીનો વેદનામય એક્સ-રે

■ પૃષ્ઠ ૧૪

## સ્વામી અધ્યાત્માનંદ: યોગનો સામાન્યજન સાથે સુયોગ કરાવનાર પરમ સાધક

ભારતમાં આજકાલ યોગની નાની મોટી અનેક હાટડીઓ ઊઘડી છે. કેટલાક મહારાજ તો ટેલિવિઝન 'મેડમ'ની મદદથી યોગના મોટા મોટા મોલનું સંચાલન કરે છે. જેમ ફાસ્ટ ફૂડના સ્ટોલ હોય છે અને લોકોને 'રેડીમેડ' અને 'ઈન્સ્ટન્ટ' ફૂડ પીરસીને અઢળક નફો અને વકરો રળી લેવાતો હોય છે તેવું આજકાલ યોગનું પણ ચાલી રહ્યું છે.

આ સ્થિતિમાં સ્વામી અધ્યાત્માનંદ અનેક રીતે નોખા તરી આવે છે. જાણે કે કિનારે બેઠા બેઠા તેઓ અત્યંત સ્વસ્થતાથી સાક્ષીભાવે આ બધો ખેલ જોયા કરે છે. તેમણે તો ગુજરાતમાં યોગ ક્રાંતિ કરી છે. તેઓ શિવાનંદ આશ્રમ, હૃષીકેશ અને દિવ્ય જીવન સંઘના આંતરરાષ્ટ્રીય પ્રમુક સ્વામી ચિદાનંદજી મહારાજના શિષ્ય છે.

યોગ તેમના માટે માત્ર કસરત નથી, પરંતુ તેમના માટે યોગ તો છે એક સંસ્કૃતિ, ધરોહર. તેમના માટે યોગ એક શ્રદ્ધા છે. તેમણે યોગની અનેક શિબિરો કરી છે. હિમાલયમાં રહેતા યોગીઓ યોગની મદદથી મોટી મોટી સિદ્ધિઓ મેળવે પણ તેનો આમ માનવીને શો ફાયદો થાય?

સ્વામી અધ્યાત્માનંદજી માને છે કે યોગની પ્રક્રિયા હિમાલયમાં રહેતા સાધુઓ માટે ઈચ્છા પ્રાપ્તિની શોધનું અગત્યનું



સ્વભાવ છે.

ભાવક તેમને વંદન કરવા આવશે ત્યારે અત્યંત લાગણીથી, ખૂબ જ પ્રેમથી તેમના ખબર અંતર પૂછશે. હા, એમ તો જરૂર કહેવાના: ખુશ રહો, પ્રસન્ન રહો. જાણે કે તેઓ પ્રસન્નતા અને ખુશીના ફરિશ્તા છે!

વચ્ચે થોડો સમય તેમનું નામ વિવાદમાં આવ્યું હતું. એ વખતે પણ તેઓ સ્થિતપ્રજ્ઞ રહ્યા એક સાચા સાધકની માફક. તેમને બદનામ કરવાના ઘણા પ્રયાસો થયા. તેમણે સ્થિતિને શમવા દીધી. છેવટે સત્ય બહાર આવ્યું તેઓ પુનઃ સક્રિય થયા.

તેમણે લાખો લોકોને યોગની શાસ્ત્રીય તાલીમ આપી છે તો અનેક યોગ શિક્ષકો પણ તૈયાર કર્યા છે. આપણે ત્યાં ધર્મના નામે અત્યાર સુધી લાખો સાધુઓ અસ્તિત્વમાં આવ્યા હશે અને તેમણે સમાજ પાસેથી ઘણું લીધું હશે! એટલું જ નહિ પોતે કશું જ કર્મ